# ૧૧૫મી જન્મજયંતી-વિશેષાંક



ક્રમબદ્ધપર્યાયની જે જીવ શ્રદ્ધા કરે છે તે જીવ તો "નજીક મુક્તિગામી" જ હોય. .....ક્રમબદ્ધપર્યાયની શ્રદ્ધામાં દ્રવ્યની શ્રદ્ધા છે. અને દ્રવ્યની શ્રદ્ધામાં કેવળજ્ઞાનથી ઊણી દશાની પ્રતીતિ જ નથી. માટે ક્રમબદ્ધપર્યાયની શ્રદ્ધામાં કેવળજ્ઞાન જ છે.

—પુરુષાર્થ પ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી

# આગમ–મહાસાગરનાં અણમૂલાં રત્નો

❀ ઉત્સર્ગ અને અપવાદના વિરોધ વડે થતું જે આચરણનું દુઃસ્થિતપણું તે સર્વથા નિષેધ્ય (ત્યાજ્ય) છે અને, તે અર્થે જ, પરસ્પર સાપેક્ષ એવા ઉત્સર્ગ અને અપવાદ વડે જેની વૃત્તિ (-હયાતિ, કાર્ય) પ્રગટ થાય છે એવો સ્યાદ્‌વાદ સર્વથા અનુગમ્ય (અનુસરવાયોગ્ય) છે. ૮૧૭.

*(શ્રી અમૃતચંદ્રાચાર્ય, પ્રવચનસાર-ટીકા, ગાથા-૨૩૧)*

❀ અનંત સંસાર પરિભ્રમણ કરી રહેલો એવો હું હવે એ અનાદિ પરિભ્રમણના આત્યંતિક અભાવને અર્થે પૂર્વે ક્યારેય પણ નહિ ભાવેલી, નહિ ચિંતવેલી અને નહિ પ્રતીત કરેલી એવી સમ્યગ્દર્શનાદિક નિર્મળ ભાવનાને ભાવું, આરાધું તથા પૂર્વે અનંતવાર ભાવેલી એવી મિથ્યાદર્શનાદિક દુર્ભાવનાનો ત્યાગ કરું. ૮૧૮. *(શ્રી ગુણભદ્રાચાર્ય, આત્માનુશાસન, શ્લોક-૨૩૮)*

❀ જેમ કોઈ પુરુષ રત્નદ્વીપને પામવા છતાં રત્નદ્વીપમાંથી રત્નને છોડી કાષ્ટ ગ્રહણ કરે છે, તેમ મનુષ્યભવ વિષે ધર્મભાવનાનો ત્યાગ કરીને અજ્ઞાની ભોગોની અભિલાષા કરે છે. ૮૧૯.

*(શ્રી શિવકોટ આચાર્ય, ભગવતી આરાધના, ગાથા-૧૮૩૮)*

❀ હે આત્મારામ ! તૂ દેહકે બુઢાપા મરનેકો દેખકર ડર મત કર, જો અજર અમર પરમબ્રહ્મ શુદ્ધ સ્વભાવ હૈ, ઉસકો તૂ આત્મા જાન. ૮૨૦.

*(શ્રી યોગીન્દ્રદેવ, પરમાત્મપ્રકાશ, અધિ.-૧, ગાથા-૭૧)*

❀ જે જીવ પોતાના સ્વરૂપથી દેહને પરમાર્થપણે ભિન્ન જાણી આત્મસ્વરૂપને સેવે છે---ધ્યાવે છે તેને અન્યત્વભાવના કાર્યકારી છે. ૮૨૧.

*(સ્વામી કાર્તિક, બાર અનુપ્રેક્ષા, ગાથા-૮૨)*

❀ જો કે શોભાયમાન યૌવન અને સૌન્દર્યથી પરિપૂર્ણ સ્ત્રીઓના શરીર આભૂષણોથી વિભૂષિત છે તોપણ તે મૂર્ખજનોને જ આનંદ ઉત્પન્ન કરે છે, નહિ કે સજ્જન મનુષ્યોને. બરાબર છે---ઘણાં સડી--ગળી ગયેલાં મૃત શરીરોથી અત્યંત વ્યાપ્ત સ્મશાનભૂમિમાં આવીને કાળા કાગડાઓનો સમૂહ જ સંતુષ્ટ થાય છે, નહિ કે રાજહંસોનો સમૂહ. ૮૨૨.

*(શ્રી પદ્મનંદિ આચાર્ય, પદ્મનંદિ પંચવિંશતિ, બ્રહ્મચર્ય રક્ષાવર્તિ, શ્લોક-૧૪)*

* * *

કહાન
સંવત-૨૪
વર્ષ-૬૦
અંક-૧૦
[૭૨૬]

વીર
સંવત
૨૫૩૦
સં. ૨૦૬૦
April
A.D. 2004




શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

## પંચમકાળનું અદ્દ્ભુત આશ્ચર્ય :—

# કાનજીસ્વામી અને ક્રમબદ્ધપર્યાય

ભગવાનની દિ ્ધ્વનિ દ્વારા ચોથા કાળના જીવોએ પાંચમા આરાના જીવોના વક્રપરિણામની વાત સાંભળી તો કેટલાક જીવોને એટલો બધો વૈરાગ્ય થઈ ગયો કે તેઓએ દીક્ષા લઈ લીધી !—એવા આ હુંડા-અવસર્પિણી પંચમકાળમાં, સીમંધર-સમવસરણના શ્રોતા અને ભવિષ્યમાં થનારા તીર્થંકર હે ગુરુદેવ ! આપે મહાવિદેહથી મહાપ્રયાણ કરીને સ્વર્ગમાં બિરાજમાન થતાં પહેલાં, ભવ્યજીવોને ભવસમુદ્રમાંથી ઉગારવા, ૯૧ વર્ષનો અહીં વિસામો લીધો તે આ પંચમકાળનું એક અદ્દ્ભુત આશ્ચર્ય ન હોય તો તેના સિવાય બીજું ક્યુ આશ્ચર્ય હોઈ શકે? પૂજ્ય બહેનશ્રી તો કહેતાં કે ''તેઓ આપણી વચ્ચે આવીને રહ્યાં તે બને ક્યાંથી ? આ તો આશ્ચર્ય...આશ્ચર્ય.''

આ નિષ્કૃષ્ટકાળના ભૌતિકયુગને અધ્યાત્મયુગમાં પરિવર્તીત કરીને સનાતન દિગમ્બર જૈન ધર્મ પાંચમા આરાના અંત સુધી ટકી રહે તેવો અધ્યાત્મમાર્ગ પ્રકાશિત કરીને હે ગુરુદેવ ! આપે આત્માર્થી મુમુક્ષુ-જગત ઉપર જે અસીમ કરુણા કરી છે તેનું વર્ણન કરવા વાણી સમર્થ નથી તેથી આપના ઉપકાર–મહિમાની સ્મૃતિરૂપે કલ્યાણકારી મંગલ જન્મદિનને—વૈશાખ સુદ બીજને–જન્મજયંતી મહોત્સવરૂપમાં ઉજવીને, આપ પ્રત્યેની અમારી અપાર ભક્તિભાવનાના સાગરમાંથી એક અંજલિ વ્યક્ત કર્યાનો અમે થોડો સંતોષ લઈએ છીએ.

હે ગુરુદેવ ! વીર-કુંદકુંદ-વીતરાગમાર્ગની આપે કરેલા પ્રરૂપણા વિશે શું કહેવું ! આપે સમયસારનો યુગ સર્જીને, ક્રમબદ્ધપર્યાયની સિંહગર્જના કરીને તથા નિશ્ચય-વ્યવહાર અને ઉપાદાન-નિમિત્તનો શંખનાદ ફૂંકીને જૈનજગત ઉપર એટલો મહાન ઉપકાર કર્યો છે કે દિગમ્બર જૈન ઈતિહાસમાં આપનું સ્થાન પ્રધાનપણે આલેખિત થયા વિના રહેશે નહીં.

હે ગુરુદેવ ! જ્યાં જ્યાં સમયસારનો સ્વાધ્યાય થશે; જ્યારે જ્યારે ક્રમબદ્ધપર્યાયની ચર્ચા થશે; ત્યાં ત્યાં ત્યારે ત્યારે આપના ઉપકારોનો ઈતિહાસ તાદૃશ થયા વિના રહેશે નહીં. કેમકે સમયસાર અને ક્રમબદ્ધપર્યાય એ બન્ને શબ્દો આપના—કાનજી સ્વામીના—નામના પર્યાયવાચી નામો બની ગયા છે. તેથી જેમ સર્વજ્ઞને યાદ કરતાં તેઓ શું જાણે છે, કેટલું જાણે છે, કઈ રીતે જાણે છે એ વાત યાદ આવ્યા વિના રહેતી નથી, તેવી રીતે આપના ઉપકાર-મહિમાનું સ્મરણ કરતાં, આપે સેંકડો શાસ્ત્રોના મંથન વડે પુરુષાર્થનો યથાર્થ માર્ગ પ્રકાશવા આત્માર્થીઓ માટે પ્રરૂપેલ ક્રમબદ્ધપર્યાય અમારા જ્ઞાન સમક્ષ પ્રગટ થયા વિના રહેશે નહીં.

**હે ગુરુદેવ! આપને જ્યારે શ્રોતા પૂછતાં કે 'એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડે નહીં અને દરેક દ્રવ્યની પર્યાય ક્રમબદ્ધ જ થાય એ ઉપર આપ બહુ ભાર આપો છો તો એ સમ્યગ્દર્શનનું કારણ છે?' ત્યારે આપશ્રી બહુ ભારપૂર્વક કહેતાં કે "હા, એ તો મૂળ ચીજ છે. આ બે વાતનો નિર્ણય થતાં દૃષ્ટિ દ્રવ્ય તરફ વળે છે." અને એ રીતે આપે અમ ગુરુભક્ત મુમુક્ષુઓને ક્રમબદ્ધપર્યાયનું ફળ સમજાવી દીધું છે કે જે જીવો ક્રમબદ્ધપર્યાયને આગળ ધરે છે તે જીવો તો નિકટ મુક્તિગામી જ હોય.**

હે અસીમ કરુણાસાગર પૂજ્ય ગુરુદેવ ! આપની ઉપદેશની શૈલી એટલી અદ્ભુત હતી કે શાસ્ત્રના આધારે શાસ્ત્રના જ દૃષ્ટાંત વડે અનેક પડખાનું જ્ઞાન ચોક્ખું કરાવી દેતાં. જેમકે શ્રી પ્રવચનસાર શાસ્ત્રની ૯૯મી ગાથાના મોતીની માળાનું દૃષ્ટાંત લઈને આપ સમજાવતાં કે જેવી રીતે દોરાના આધારે રહેલાં બધા જ મોતીઓ પરસ્પર ભિન્નાભિન્નપણે રહેલાં છે ને પોતપોતાના સ્થાને રહ્યા થકા ક્યારેય આગળ-પાછળ થતાં નથી, તેવી રીતે દ્રવ્યના આધારે રહેલી દરેક પર્યાય સ્વતંત્ર પરિણમતી થકી પોતપોતાના અવસરે પ્રગટ થાય છે; જેમ મોતી આગળ-પાછળ

થતાં નથી તેમ કોઈપણ સમયની કોઈપણ પર્યાય આડી-અવળી કે વહેલી-મોડી થતી નથી. માટે ક્રમબદ્ધ એવી પર્યાયના સહજ સ્વતંત્ર નિશ્ચિત પરિણમનનો જ્ઞાયકના લક્ષે ભાવભાસનપૂર્વક સ્વીકાર આવવો તે જ સમ્યક્ પુરષાર્થ છે.—એ રીતે સુગમ દૃષ્ટાંતો વડે ગહન સિદ્ધાંતો સમજાવવાની આપની અદ્ભુત શૈલી એ આપની શ્રુતની લબ્ધિની જ પ્રસિદ્ધિ કરે છે.

હે ગુરુદેવ ! આજના આ કલ્યાણવર્ષિણી પુનિત સુઅવસરે, આપે પ્રરૂપેલા દ્રવ્યદૃષ્ટિપ્રધાન મૂળભૂત સિદ્ધાંતોના ગહન ચિંતન મનન વડે એ સિદ્ધાંતોના પ્રયોજનને—દ્રવ્યદૃષ્ટિને—સાધવારૂપ પુરુષાર્થમય ભાવ-અંજલિ અર્પવા સક્ષમ બનીયે એવી ભાવના સહ—

*સંપાદકના કોટિ કોટિ વંદન*

*

❀ પૂજ્ય ગુરુદેવે ઘણું પીરસ્યું છે. હવે તો તેનું લઢણ જ કરવાનું છે. પૂજ્ય ગુરુદેવ બધું પૂરેપૂરું આપીને ગયા છે. કંઈ બાકી નથી રાખ્યું કે તારે કોઈની પાસે લેવા જવું પડે. જેમ પિતા પુત્રને ધન આપીને જાય; એટલું આપે કે જિંદગીભર ચાલે, ગમે તેટલું ખર્ચે તોપણ ખૂટે નહિ. તેમ ધર્મપિતા ગુરુદેવ પૂરતું ધન આપીને ગયા છે તેટલું જ તેઓ લઈને ગયા છે. તેને જિંદગીભર તું ઓગાળે તોપણ તે ખૂટે તેમ નથી. તેથી આ ધનને તું જીવનભર શાંતિથી ઓગાળજે.

❀ ગુરુદેવે માર્ગ એકદમ ચોખ્ખો કર્યો છે. કોઈ ક્યાંય અટકી ન જાય, મૂંઝવણ ન થાય તેમ સ્પષ્ટપણે બતાવ્યો છે. હવે કોઈ જીવને સત્પુરુષને શોધવા પડે, સંતને ગોતવા જવું પડે અને તે માર્ગની વિધિ બતાવે, એવું કંઈ તારે કરવું પડે તેમ નથી. ભેદજ્ઞાનનો માર્ગ ચોખ્ખો કર્યો છે, તું તત્ત્વને ઓગાળ્યા કર, જીવનભર ખાધા કર તોએ ખૂટે તેમ નથી તેટલું તને આપ્યું છે. તને મોટો વારસો આપ્યો છે. ઘણા પોતે તરી જાય પણ આ તો આપણને તારણહાર મળ્યા. લાખો જીવોને સત્યના માર્ગે વાળ્યા.

*--પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી*

## ✽ પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્ગાર ✽

### ✽ પોતાની પર્યાય પણ સ્વકાળે થાય જ છે તેને કરે શું? ✽

શ્રોતા :—પરની પર્યાયને તો કરે નહિ પણ પોતાની પર્યાયને પણ કરે નહિ?

પૂજ્ય ગુરુદેવ :—પોતાની પર્યાય પણ સ્વકાળે થાય જ છે તેને કરે શું? ખરેખર તો એ જ્ઞાતાદૃષ્ટા જ છે. પ્રયત્નપૂર્વક મોક્ષને કર એમ કથન આવે, કમર કસીને મોહને જીતવો એમ ભાષામાં આવે પણ ખરેખર તો એની દૃષ્ટિમાં દ્રવ્ય આવ્યું એટલે એ જ્ઞાતાદૃષ્ટા જ છે. જ્ઞાતાદૃષ્ટામાં અનંતો પુરુષાર્થ છે.

### ✽ ક્રમબદ્ધના નિર્ણયમાં દ્રવ્યસ્વભાવનો અનંતો પુરુષાર્થ છે ✽

આ (—શ્રી સમયસાર ગાથા ૩૦૮) બહુ સરસ ગાથા છે. આ ગાથા મોક્ષ અધિકારની ચૂલિકા છે. અહીં આચાર્યદેવ આત્માનું અકર્તાપણું બતાવે છે. અકર્તાપણું એટલે કે જ્ઞાયકસ્વભાવની સિદ્ધિ ક્રમબદ્ધ દ્વારા કરી છે. એક પછી એક થાય ને જે સમયે જે પર્યાય થવાની છે તે જ થાય તેનું નામ ક્રમબદ્ધ છે. દરેક દ્રવ્યની જે સમયે જે પર્યાય થવાની છે તે જ થાય છે એટલે કે તેને અન્ય દ્રવ્ય તો કરતું નથી પણ તે પર્યાયને તે દ્રવ્ય પણ આઘી–પાછી કરી શકે—ફેરફાર કરી શકે એમ પણ નથી. ક્રમબદ્ધ તો મહાસિદ્ધાંત છે. ક્રમબદ્ધનો સાચો નિર્ણય કરવા જાય ત્યાં દૃષ્ટિ દ્રવ્યસ્વભાવ ઉપર જાય છે અને ત્યારે જ ક્રમબદ્ધનો યથાર્થ નિર્ણય થાય છે. ક્રમબદ્ધપર્યાયના આશ્રયે ક્રમબદ્ધનો નિર્ણય નહિ થાય. અકર્તાસ્વભાવની દૃષ્ટિ કરવાથી ક્રમબદ્ધનો યથાર્થ નિર્ણય થાય છે. માટે ક્રમબદ્ધના નિર્ણયમાં પુરુષાર્થનો નિષેધ થઈ જતો નથી પણ ક્રમબદ્ધના નિર્ણયમાં દ્રવ્યસ્વભાવનો અનંતો પુરુષાર્થ છે. અકર્તાપણું એ નાસ્તિનું કથન છે. ક્રમબદ્ધ દ્વારા જ્ઞાયકસ્વભાવની અહીં સિદ્ધિ કરવામાં આવી છે.

### ✽ પોતાની ક્રમસર થતી પર્યાયનો પણ જાણનાર જ છે ✽

દરેક પદાર્થની પર્યાય ક્રમબદ્ધ થાય છે એટલે પરદ્રવ્યની પર્યાયને ફેરવવાનું તો રહ્યું નહિ, પરદ્રવ્યની પર્યાયને તો ફેરવી શકતો જ નથી પણ પોતાની પર્યાય જે ક્રમસર થવાની તે જ થાય છે તેથી તેને પણ ફેરવવાનું રહ્યું નહિ. જે પર્યાય ક્રમસર થાય તેનો જાણનાર જ છે. આહાહા! આ વીતરાગતા છે. ભગવાન સર્વજ્ઞે દેખ્યા પ્રમાણે દરેક દ્રવ્યના ત્રણકાળના પર્યાયો જે કાળે જે થવાના તે જ થવાના છે. ભગવાને

દેખ્યું છે માટે થવાના છે એમ નહિ પણ દરેક દ્રવ્યના પર્યાયો પોતાથી જ ક્રમબદ્ધ જે થવાના તે જ થાય છે. તેને બીજો તો ફેરવી શકે નહિ પણ પોતે પણ પોતામાં થતાં ક્રમસર પરિણામને ફેરવી શકે નહિ, માત્ર જાણી શકે. ક્રમબદ્ધપર્યાયનો નિર્ણય કરતાં દૃષ્ટિ દ્રવ્ય ઉપર જાય છે ત્યારે ક્રમબદ્ધપર્યાયનો સાચો નિર્ણય થાય છે. પર્યાયના ક્રમ સામું જોતાં ક્રમબદ્ધનો સાચો નિર્ણય થઈ શકે નહિ, જ્ઞાયક તરફ ઢળે છે ત્યારે જ્ઞાયકનો સાચો નિર્ણય થાય છે, એ નિર્ણયમાં અનંતો પુરુષાર્થ આવે છે. જ્ઞાન સાથે આનંદનો સ્વાદ આવે ત્યારે તેને સમ્યગ્દર્શન થયું છે. સર્વજ્ઞે દેખ્યું છે તેમ થાય, પર્યાય ક્રમબદ્ધ થાય, એના નિર્ણયનું તાત્પર્ય જ્ઞાનસ્વભાવ ઉપર દૃષ્ટિ કરવી એ છે. આત્મા કર્તા નથી પણ જ્ઞાતા જ છે.

### ✻ ક્રમબદ્ધ ખ્યાલમાં આવતાં પરના કરવાપણાથી ખસીને ✻ આત્મા તરફ આવે છે

ક્રમબદ્ધપર્યાયથી ખરેખર જેને અકર્તાપણું ખ્યાલમાં આવ્યું હોય તે એટલે કે જે કરવાપણાના દુ:ખથી થાકેલો છે તેને ક્રમબદ્ધ ખ્યાલમાં આવતાં પરના કરવાપણાથી ખસીને આત્મા તરફ આવે છે. જે સમયે જે પર્યાય થવાની તે જ થાય છે, તીર્થંકરને પણ જે પર્યાય થવાની તે જ થાય છે, તેને આઘી-પાછી કરી શકે નહિ એમ ક્રમબદ્ધ ખ્યાલમાં આવતાં જે કર્તાપણાની બુદ્ધિથી થાકેલો છે એ પરના કર્તાપણાના અભિમાનથી થાકીને આત્મા તરફ વળે છે તેને સમ્યગ્દર્શન થાય છે. સંસારથી ખરેખર થાકેલાને જ સમ્યગ્દર્શન થાય છે. એને એમ થાય છે કે મારે કાંઈ જોઈતું નથી એટલે હું કાંઈક કરું અને એનાથી મને બીજું કાંઈક મળે એવી સ્પૃહા નથી. ક્રમબદ્ધની દૃષ્ટિવાળાને દરેક દ્રવ્યની પર્યાય સ્વયં ક્રમબદ્ધ થાય છે એમ એને બેસી ગયું છે.

### ✻ ક્રમબદ્ધમાં અકર્તાપણાનો પુરુષાર્થ ✻

ક્રમબદ્ધના છંછેડાટમાં ક્રમબદ્ધનો છંછેડાટ નથી પણ અકર્તાપણાનો છંછેડાટ છે. જ્ઞાનસ્વભાવ અકર્તા સિદ્ધ કરીને પુરુષાર્થ કરાવવો છે.

### ✻ પોતાના અશુદ્ધ ને શુદ્ધ પર્યાયો સ્વકાળે ક્રમબદ્ધ જે થવાના તે જ થાય ✻

ભગવાન સર્વજ્ઞના કેવળજ્ઞાનમાં ત્રણકાળ ત્રણલોકના પર્યાયો પ્રત્યક્ષ જણાય છે. જેમ કેવળજ્ઞાનમાં ત્રણકાળના પર્યાયો જણાય છે તેમ જ પદાર્થોમાં ક્રમબદ્ધપર્યાયો થાય છે, કેવળજ્ઞાને જાણ્યું માટે નહિ પણ પદાર્થોના પર્યાયો પોતાથી સ્વકાળે તે જ રીતે થાય છે અને તેમ સર્વજ્ઞ જાણે છે. આહાહા! પરદ્રવ્યને કરવાની તો વાત નથી પણ

પોતાના અશુદ્ધ ને શુદ્ધ પર્યાયો સ્વકાળે ક્રમબદ્ધ જે થવાના તે જ થાય એટલે પોતામાં પણ પર્યાયને આડી-અવળી કરવાનું જ રહ્યું નહિ. માત્ર જેમ થાય છે તેમ જાણવાનું જ રહ્યું. જેમ સર્વજ્ઞ જ્ઞાતા છે તેમ ધર્મી પણ જ્ઞાતા થઈ ગયો. ક્રમબદ્ધના નિર્ણયનું તાત્પર્ય અકર્તાપણારૂપ વીતરાગતા છે. એ વીતરાગતા અનંત પુરુષાર્થે દ્રવ્ય ઉપર દૃષ્ટિ જતાં થાય છે. આહાહા ! આત્મા સર્વજ્ઞ સ્વભાવી છે.

*** જે કાળે જે પરિણામ થાય તેનો જાણનાર રહે ***

નિર્મળ પરિણામ હો કે મલિન પરિણામ હો તેના સ્વકાળે જ તે થાય છે, તે પરિણામનો તે જન્મક્ષણ છે. ખરેખર જે કાંઈ થાય છે તેનો તું જાણનાર છો, આમ કેમ થાય છે એ પ્રશ્ન જ નથી. જે કાળે જે પરિણામ થાય તેનો જાણનાર રહે. અહા પ્રભુ ! તારી ગંભીરતાનો પાર નથી, દ્રવ્યસ્વભાવ—ગુણસ્વભાવ—પર્યાયસ્વભાવ—મહા-ગંભીરસ્વભાવ છે.

*** ક્રમબદ્ધની વાત વિચારે તો બધાં ઝગડા મટી જાય ***

અરે ભાઈ ! તું વિચાર તો કર કે તું કોણ છો ? તું જ્ઞાનસ્વરૂપ છો. જે થાય તેને જાણ ! તું કરનાર નહિ, જાણનાર છો. ક્રમબદ્ધની વાત વિચારે તો બધાં ઝગડા મટી જાય. પોતે પરદ્રવ્યનો કર્તા તો નથી, રાગનો કર્તા તો નથી, નિર્મળ પર્યાયનો પણ કર્તા નથી, અકર્તા સ્વરૂપ છે. જ્ઞાતાસ્વભાવ તરફ ઢળી જવું તેમાં જ અકર્તાપણાનો મહાન પુરુષાર્થ છે. ખરેખર તો પર્યાયને દ્રવ્ય તરફ વાળવી આ એક જ વસ્તુ છે, એ ખરેખર જૈન દર્શન છે. આહાહા ! જૈનદર્શન આકરું બહુ ! પણ અપૂર્વ છે અને તેનું ફળ મહાન છે. સિદ્ધ ગતિ એનું ફળ છે. પરનો કર્તા તો નથી, રાગનો કર્તા તો નથી પણ નિર્મળ પર્યાયનો કર્તા નથી. કેમ કે પર્યાય ષટ્કારકથી સ્વતંત્ર પરિણમે છે. એનામાં ભાવ નામની એક શક્તિ છે તેના કારણે પર્યાય થાય જ છે, કરું તો થાય એમ નથી. આહાહા ! ભાઈ ! માર્ગ આકરો છે, અચિંત્ય છે, અગમ્ય છે, અગમ્યને ગમ્ય કરાવે એવો અપૂર્વ માર્ગ છે. પર્યાય ક્રમસર થાય છે, દ્રવ્યગુણ પણ એનો કર્તા નહિ—એમ કહીને એકલી સર્વજ્ઞતા સિદ્ધ કરી છે. અકર્તાપણું એટલે કે જ્ઞાતાપણું સિદ્ધ કર્યું છે.

*** જે જીવ ક્રમબદ્ધપર્યાયને યથાર્થરૂપથી સમજે છે ***
**તેને સ્વચ્છંદતા થઈ શકે જ નહિ**

જ્ઞાયકસ્વભાવ લક્ષમાં આવે ત્યારે ક્રમબદ્ધપર્યાય યથાર્થ સમજમાં આવી શકે છે, જે જીવ પાત્ર થઈને પોતાના આત્મહિત માટે સમજવા માગે છે તેને આ વાત

યથાર્થ સમજમાં આવી રહે છે. જેને જ્ઞાયકની શ્રદ્ધા નથી, સર્વજ્ઞની પ્રતીત નથી, અંદરમાં વૈરાગ્ય નથી અને કષાયની મંદતા પણ નથી એવો જીવ તો જ્ઞાયક સ્વભાવના નિર્ણયનો પુરુષાર્થ છોડીને ક્રમબદ્ધના નામે સ્વછંદતાનું પોષણ કરે છે, એવા સ્વછંદી જીવની અહીં વાત નથી. જે જીવ ક્રમબદ્ધપર્યાયને યથાર્થરૂપથી સમજે છે તેને સ્વચ્છંદતા થઈ શકે જ નહિ. ક્રમબદ્ધને યથાર્થ સમજે તે જીવ તો જ્ઞાયક થઈ જાય છે, તેને કર્તૃત્વના ઊછાળા શમી જાય છે ને પરદ્રવ્યનો અને રાગનો અકર્તા થઈ જ્ઞાયકમાં એકાગ્ર થતો જાય છે.

### ❋ મૂળ એને પુરુષાર્થ સૂઝતો નથી એટલે વાંધા આવે છે ❋

પર્યાય આડી-અવળી થાય એટલે એની વ્યાખ્યા શું ? મૂળ એને પુરુષાર્થ સૂઝતો નથી એટલે વાંધા આવે છે. ખરેખર તો પૂર્ણ પર્યાયે જાણ્યું છે એમ જ અહીં થાય છે—એમ નક્કી કરવા જાય ત્યાં પૂર્ણ પર્યાય જ્યાંથી નીકળી એવા શક્તિસ્વભાવ તરફ લક્ષ જાય છે ત્યાં હું પણ એવો જ સર્વજ્ઞ છું એમ પ્રતીત આવતાં જ આ વાત તેને બેઠી છે.

### ❋ જે થાય તેનો માત્ર જાણનાર...જાણનાર ને જાણનાર જ આત્મા છે ❋

ચક્ષુની માફક આત્મા માત્ર જાણે—દેખે જ છે; પરને તો કરતો નથી, રાગાદિને તો કરતો નથી, પણ સંવર—નિર્જરા ને મોક્ષના પરિણામને પણ કરતો નથી. આહાહા ! જે થાય તેનો માત્ર જાણનાર....જાણનાર ને જાણનાર જ આત્મા છે.

### ❋ દ્રવ્ય તેની પોતાની પર્યાયને કે જે તેના જન્મક્ષણે—સ્વકાળે ક્રમબદ્ધ થવાની છે તેને આડી-અવળી કે આઘી—પાછી કરી શકે એમ પણ નથી ❋

દરેક પદાર્થની પર્યાય ક્રમબદ્ધ થાય છે. દરેક જીવ કે જડની પર્યાયનો જે જન્મક્ષણ છે તે જ સમયે તે પર્યાય ક્રમબદ્ધ થાય છે, તેને ઇન્દ્ર, નરેન્દ્ર, કે જિનેન્દ્ર પણ ફેરવવા સમર્થ નથી. આહાહા ! જીવ એકલો જ્ઞાતા છે. અહીં અકર્તાપણાની ઉત્કૃષ્ટતા બતાવે છે કે ઈશ્વર જગતનો કર્તા છે એ વાત તો જૂઠી છે જ અને એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કરી શકે એ પણ જુઠ્ઠું છે અને તે તે દ્રવ્ય તેની પોતાની પર્યાયને કે જે તેના જન્મક્ષણે—સ્વકાળે ક્રમબદ્ધ થવાની છે તેને આડી-અવળી કે આઘી—પાછી કરી શકે એમ પણ નથી. જે સમયે જે પર્યાય ક્રમબદ્ધ થવાની છે તેને અન્ય નિમિત્તની અપેક્ષા તો નથી જ પણ એના દ્રવ્યની પણ અપેક્ષા નથી. આવી વસ્તુની સ્થિતિ છે.

## * એકાંત પુરુષાર્થબુદ્ધિ રહે તે પણ મિથ્યાત્વ છે *

એકલો પુરુષાર્થ કરું...પુરુષાર્થ કરું...કરું...કરું...કરું... એવી એકાંત પુરુષાર્થની બુદ્ધિ રહે—એકાંત પુરુષાર્થબુદ્ધિ રહે તે પણ મિથ્યાત્વ છે. પાંચ સમવાયનું ભેગું આવવું જોઈએ. તે પાંચે સમવાયનું સાથે આવે ત્યારે તે સહજરૂપ પુરુષાર્થથી સમ્યગ્દર્શનને પામે.

## * પર્યાયમાં સ્વકાળે જ મોક્ષ થાય છે, વહેલો કે મોડો થઈ શકે નહિ *

પર્યાયમાં સ્વકાળે જ મોક્ષ થાય છે, વહેલો કે મોડો થઈ શકે નહિ—એમ નક્કી કરવા જાય ત્યાં એની દૃષ્ટિ ધ્રુવ ઉપર જ જાય છે અને એમાં સ્વભાવ સન્મુખનો અનંત પુરુષાર્થ આવે છે અને ત્યારે જ પર્યાયના સ્વકાળનું સાચું જ્ઞાન થાય છે. આત્માના શ્રદ્ધા-જ્ઞાન સમ્યક્ થયા એને કાર્ય થઈ જ રહ્યું છે, પછી વહેલાં મોડાનો પ્રશ્ન જ ક્યાં છે?

## * તું જાણનાર જ છો *

શ્રેણીબદ્ધ પર્યાય છે એટલે તું જાણનાર જ છો. જાણનાર... પૂરણ જાણનાર એટલે વિકાર કે અપૂર્ણતા શું! એકરૂપ પરિપૂર્ણ જ છો....પરિપૂર્ણ પરમાત્મા જ છો.

## * રાગનું કર્તૃત્વ જ મિથ્યાદર્શન છે *

જ્ઞાનમાં ખરેખર તો રાગ જણાય છે. ત્યાં અજ્ઞાની માની બેસે છે કે મેં રાગ કર્યો; એ રાગનું કર્તૃત્વ જ મિથ્યાદર્શન છે.

## * ક્રમબદ્ધમાં અકર્તાપણું *

શ્રોતા :—ક્રમબદ્ધમાં ક્રમબદ્ધની વિશેષતા છે કે દ્રવ્યની?

પૂજ્ય ગુરુદેવ :—ક્રમબદ્ધમાં જ્ઞાયકદ્રવ્યની વિશેષતા છે. ક્રમબદ્ધમાં અકર્તાપણું સિદ્ધ કરીને જ્ઞાયકપણું બતાવવું છે.

## * ક્રમબદ્ધનું ફળ *

પર્યાયબુદ્ધિ છોડકર જ્ઞાયકકી પ્રતીત કરના વહ ક્રમબદ્ધકા ફલ હૈ.

## * સિદ્ધની જેમ તું પણ જાણનાર દેખનાર જ છો *

સિદ્ધ છે તે જાણનાર-દેખનાર છે તેમ તું પણ જાણનાર દેખનાર જ છો. અધૂરા પૂરાનો પ્રશ્ન જ નથી. જાણનાર-દેખનારથી જરીક ખસ્યો એટલે કર્તૃત્વમાં જ ગયો

એટલે સિદ્ધથી જુદો પડ્યો. એક ક્ષણ સિદ્ધથી જુદો પડે તે મિથ્યાદૃષ્ટિ છે તે યથાર્થ વાત છે.

## ❋ કરું કરુંની દૃષ્ટિ જ છોડવાની છે ❋

કરવા-ફરવાનું છે જ ક્યાં ? કરું કરુંની દૃષ્ટિ જ છોડવાની છે. રાગને કરવાનું તો છે જ નહિ પણ આત્મામાં અનંતા ગુણ છે તેનું પરિણમન પણ સમયે સમયે થઈ જ રહ્યું છે તેને પણ કરે શું ? ફક્ત તેના ઉપરથી દૃષ્ટિ છોડીને અંદરમાં જવાનું છે.

## ❋ અકર્તાપણું ❋

પરની પર્યાય તો જે થવાવાળી છે તે થાય જ છે, તેને હું શું કરું ? અને મારામાં જે રાગ આવે છે તેને હું શું લાવું ? અને મારામાં જે શુદ્ધ પર્યાય આવવાની તેને કરું—લાવું એવા વિકલ્પથી પણ શું ? પોતાની પર્યાયમાં થવાવાળો રાગ અને થવાવાળી શુદ્ધ પર્યાયના કર્તૃત્વનો વિકલ્પ એ સ્વભાવમાં છે જ નહિ. અકર્તાપણું આવવું એ જ મોક્ષમાર્ગનો પુરુષાર્થ છે.

## ❋ જાણનારો તું છો તેમ જાણ ❋

અહો ! આ આત્મા સર્વજ્ઞસ્વભાવી જ છે. જાણવું...જાણવું....જાણવું....જ જેના અંતરતળમાં ભર્યું છે, જેના અસ્તિત્વની સત્તામાં આ દેહ—વાણી—મન—વિકલ્પો આદિ બધું જણાય છે એ જાણનારો તું છો તેમ જાણ—વિશ્વાસ કર ને કર્તાબુદ્ધિ છોડી દે !.

## ❋ ખરેખર તો પર્યાય પર્યાયની લાયકાતના કારણે થાય છે ❋

ખરેખર તો વિકારી પર્યાય પર્યાયને કારણે થાય છે. જ્ઞાયક પ્રભુ એનો પણ જાણનાર-દેખનાર છે, અને સંવર-નિર્જરાની પર્યાય પણ પર્યાયને કારણે થાય છે અને મોક્ષની પર્યાય પણ પર્યાયને કારણે થાય છે. મોક્ષમાર્ગને કારણે મોક્ષ થાય છે—એમ કહેવું એ પણ વ્યવહાર છે. ખરેખર તો પર્યાય પર્યાયની લાયકાતના કારણે થાય છે.

## ❋ ક્રમબદ્ધમાં પુરુષાર્થ ઊડી જાય એવો અજ્ઞાનીને ડર લાગે છે ❋

ક્રમબદ્ધમાં પુરુષાર્થ ઊડી જાય એવો અજ્ઞાનીને ડર લાગે છે. પણ ખરેખર તો ક્રમબદ્ધ માને તેની દૃષ્ટિ દ્રવ્ય ઉપર જાય છે. એમાં જ પુરુષાર્થ છે. ક્રમબદ્ધ માનતાં ફેરફારની દૃષ્ટિ છૂટી જાય ને સામાન્યદ્રવ્ય ઉપર દૃષ્ટિ જાય એ જ પુરુષાર્થ છે. ક્રમબદ્ધ નક્કી કરવા જાય ત્યાં હું પરનું કરી દઉં, વ્યવહારથી નિશ્ચય થાય એ બધું ઊડી જાય ને અંદર ઠરી જવાનો રસ્તો થાય.

## * પોતામાં પણ કાંઈ ફેરફાર કરવો નથી, *
## જેમ વ્યવસ્થિત કાર્ય થાય છે તેમ જાણે છે

જુઓ એક વિચાર સવારે આવ્યો હતો. આત્મા જ્ઞાનસ્વરૂપ છે, એની કેવળજ્ઞાન આદિ પાંચ પર્યાયો છે. કેવળજ્ઞાન પોતાના ગુણના વ્યવસ્થિત કાર્યને જાણે છે, તેમ મતિજ્ઞાન પણ પોતાના ગુણના વ્યવસ્થિત કાર્યને જાણે છે, પરના કાર્યને પણ વ્યવસ્થિત જાણે છે. તેમ શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મન:પર્યયજ્ઞાન પણ પોતાના ગુણના વ્યવસ્થિત કાર્યને જાણે છે અને પરના કાર્યને પણ વ્યવસ્થિત જાણે છે. વ્યવસ્થિત જાણવું એ જ એનો સ્વભાવ છે. આત્મા એકલો જ્ઞાનસ્વરૂપ છે એટલે એની પર્યાય, ગુણ અને દ્રવ્ય બસ જાણનાર જ છે, ફેરફાર કરનાર નથી. પોતામાં પણ કાંઈ ફેરફાર કરવો નથી. જેમ વ્યવસ્થિત કાર્ય થાય છે તેમ જાણે છે. આહાહા ! જુઓ તો ખરા ! વસ્તુ જ આમ છે. અંદરમાં તો ખૂબ ગંભીરતાથી ચાલતું હતું પણ કહેવામાં તો...

## * પર્યાય જે કાળે જે ક્ષેત્રે તેના જન્મક્ષણે *
## ષટ્કારકથી પરિણમે છે તેને કોણ કરે ને કોણ ફેરવે ?

જે પરમાણુની પર્યાય જે કાળે જે ક્ષેત્રે તેના જન્મક્ષણે ષટ્કારકથી પરિણમે છે તેને કોણ કરે ને કોણ ફેરવે ? આ રીતે જ દરેક દ્રવ્યનું સ્વતંત્ર પરિણમન છે. ખરેખર તો સ્વદ્રવ્ય પરદ્રવ્યને અડતું જ નથી. આત્મા શરીરને અડતો જ નથી કે હાથ-પગને હલાવતો નથી. શરીર જમીનને અડતું જ નથી. આવી વસ્તુની સ્વતંત્રતા છે. આવી સ્વતંત્રતાની હા પાડતાં, લત પડતાં હાલત થાય છે.

## * એ તો મૂળ ચીજ છે *

શ્રોતા :—એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડે નહિ અને દરેક દ્રવ્યની પર્યાય ક્રમબદ્ધ જ થાય એ ઉપર આપ બહુ ભાર આપો છો તો એ સમ્યગ્દર્શનનું કારણ છે ?

પૂજ્ય ગુરુદેવ :—હા, એ તો મૂળ ચીજ છે. આ બે વાતનો નિર્ણય થતાં દૃષ્ટિ દ્રવ્ય તરફ વળે છે.

## * પોતામાં ક્રમસર થતી પર્યાયને પણ આઘી-પાછી કરી શકતો નથી *

આત્મા પરદ્રવ્યની પર્યાય તો આઘી-પાછી કરી શકતો નથી પણ પોતામાં ક્રમસર થતી પર્યાયને પણ આઘી-પાછી કરી શકતો નથી, માત્ર જાણનાર જ્ઞાતા જ છે. દયા-દાન-પૂજા-ભક્તિનો રાગ થાય તેને પરજ્ઞેય તરીકે જાણે છે. આંખ દેખવા સિવાય શું કરી શકે ? તેમ જ્ઞાન જાણવા સિવાય શું કરી શકે ?

## * જ્ઞાતાપણું થવું તે ક્રમબદ્ધનું પ્રયોજન છે *

જે સમયે જે પર્યાય થવાની છે તે થવાની જ છે એ નિશ્ચય છે—એમાં અજ્ઞાનીને શંકા થાય છે કે એમ માનતા તો નિયત થઈ ગયું ? અરે ! નિયત એટલે નિશ્ચય છે અને પર્યાયના નિશ્ચયથી પર્યાયની ને પરની કર્તાબુદ્ધિ છૂટી જાય છે એટલે જ્ઞાતાદૃષ્ટિ થાય છે અને જ્ઞાતાપણું થવું તે ક્રમબદ્ધનું પ્રયોજન છે.

## * જે કાળે જે પર્યાય થવાની તે પર્યાય પોતાના * ષટ્કારકની ક્રિયાથી સ્વતંત્ર થવાની

એક સમયની પર્યાય સત્ છે, સ્વતંત્ર છે, જે કાળે જે પર્યાય થવાની તે પર્યાય પોતાના ષટ્કારકની ક્રિયાથી સ્વતંત્ર થવાની, પણ એનો નિર્ણય કઈ રીતે થાય ? એ નિર્ણયનું તાત્પર્ય શું ? વીતરાગતા તાત્પર્ય છે. એ વીતરાગતા ક્યારે થાય ?—કે એનું લક્ષ ને દૃષ્ટિ પર્યાયના કર્તાપણાની બુદ્ધિથી, પર્યાયના ફેરફાર કરવાની બુદ્ધિથી ખસીને ત્રિકાળી ધ્રુવ જ્ઞાયક ઉપર જાય ત્યારે નિઃસંદેહ નિર્ણય થતાં પરિણામમાં અંશે નિર્મળતા ને વીતરાગતા થાય. એ સાચા નિર્ણયનું ફળ ને તાત્પર્ય છે. આહાહા ! શું વીતરાગની વાણી ! ચારેકોરથી એક સત્ જ ઊભું થાય છે.

## * ફેરવવું ને ન ફેરવવું શું ? જેમ છે તેમ છે *

શ્રોતા :—જીવ રાગ-દ્વેષની પર્યાયને ન ફેરવી શકે, પણ શ્રદ્ધાની પર્યાયને ફેરવી શકે એમ ને ?

પૂજ્ય ગુરુદેવ :—બધી પર્યાયને ફેરવી શકે; ન ફેરવી શકાય એમ નક્કી કરવા જાય ત્યાં દૃષ્ટિ સ્વભાવ ઉપર જાય છે ત્યાં પર્યાયની દિશા જ આખી ફરી જાય છે. જ્ઞાનસ્વભાવ છું એમ નિર્ણય કર્યો ત્યાં બધું જેમ છે તેમ છે, ફેરવવું ને ન ફેરવવું શું ? જેમ છે તેમ છે. નિયતનો નિશ્ચય કરવા જાય ત્યાં જ સ્વભાવનો પુરુષાર્થ સાથે જ છે અને રાગ પણ મંદ પડી ગયો છે. જ્ઞાનસ્વભાવ છું એમ નક્કી થઈ ગયું પછી બધું જેમ છે તેમ છે. ગ્રહવા યોગ્ય બધું ગ્રહાઈ ગયું ને છોડવા યોગ્ય બધું છૂટી ગયું. જ્ઞાતાનો પુરુષાર્થ ચાલુ જ છે. રાગ ઘટતો જાય છે એટલે પૂર્ણ વીતરાગતા થઈ જશે.

## * તે સમયની જ્ઞાનપર્યાય ષટ્કારકથી સ્વતંત્ર થઈ છે *

દરેક પર્યાય સત્ છે, સ્વતંત્ર છે, એને પરની અપેક્ષા નથી. રાગનો કર્તા તો

આત્મા નહિ પણ રાગનું જ્ઞાન કહેવું એ વ્યવહાર છે અને જ્ઞાન-પરિણામને આત્મા કરે એમ કહેવું એ પણ વ્યવહાર છે. ખરેખર તો તે સમયની જ્ઞાનપર્યાય ષટ્કારકથી સ્વતંત્ર થઈ છે.

## ✽ જે પર્યાય થવાવાળી છે તેને કરવું શું ? ✽

જે પર્યાય થવાવાળી છે તેને કરવું શું ? અને જે નહિ થવાવાળી છે તેને પણ કરવું શું ? એવો નિશ્ચય કરતાં જ કર્તૃત્વબુદ્ધિ તૂટીને સ્વભાવ સન્મુખ થઈ જાય છે. સર્વજ્ઞ ત્રિકાળીને જાણનાર–દેખનાર છે એમ હું પણ ત્રિકાળીને જાણવા-દેખવાવાળો જ છું. એવા ત્રિકાળી જ્ઞાયકસ્વભાવનો નિશ્ચય કરવો એ જ સમ્યગ્દર્શન છે.

## ✽ કરવાની બુદ્ધિ છૂટી જાય એ ક્રમબદ્ધનું પ્રયોજન છે ✽

કરવાની બુદ્ધિ છૂટી જાય એ ક્રમબદ્ધનું પ્રયોજન છે. ક્રમબદ્ધમાં કર્તૃત્વબુદ્ધિ છૂટી જાય છે. પરમાં તો કાંઈ કરી શકતો જ નથી અને પોતામાં પણ જે થવાનું છે તે થાય છે એટલે પોતામાં પણ રાગ થવાનો છે તે થાય છે એને કરવો શું ? રાગમાંથી પણ કર્તૃત્વબુદ્ધિ છૂટી ગઈ, ભેદ અને પર્યાય ઉપરથી પણ દૃષ્ટિ છૂટી ગઈ ત્યારે ક્રમબદ્ધની પ્રતીતિ થઈ. ક્રમબદ્ધની પ્રતીતિમાં તો જ્ઞાતાદૃષ્ટા થઈ ગયો. નિર્મળ પર્યાય કરું એવી બુદ્ધિ પણ છૂટી ગઈ. રાગને કરું એ વાત તો ક્યાં રહી ? પણ જ્ઞાન કરું એ બુદ્ધિ પણ છૂટી જાય છે. કર્તૃત્વબુદ્ધિ છૂટી જાય અને એકલું જ્ઞાન રહી જાય છે. જેને રાગને કરવો છે, રાગને અટકાવવો છે, તેને એ ક્રમબદ્ધની વાત બેઠી જ નથી. રાગને કરવો અને રાગને છોડવો એ પણ આત્મામાં નથી. આત્મા એકલો જ્ઞાનસ્વરૂપ છે.

## ✽ સર્વજ્ઞ ભગવાન પણ પોતાની ક્રમસર જે ✽ પર્યાય થવાની તેના કર્તા નથી, જાણનાર છે

જેમ માળામાં મણકા જે સ્થાને છે તે સ્થાને જ છે, આગળ–પાછળ થઈ જાય તો માળા એકરૂપ અખંડ નથી રહેતી, તેમ જે સમયે જે જન્મક્ષણે જે ક્રમબદ્ધપર્યાય થવાની તે જ થવાની, બીજા સમયની પર્યાય પહેલાં થાય ને પહેલાં સમયની પર્યાય પછી થાય એમ છે જ નહીં. જે સમયે જે પર્યાય થવાની છે તેને કાળલબ્ધિ કહેવામાં આવે છે. પ્રવચનસારમાં તેને જન્મક્ષણ કહે છે તથા પ્રવચનસારની ૯૯મી ગાથામાં પોતપોતાના અવસરે પર્યાય થાય છે એમ પાઠ છે. સર્વજ્ઞ ભગવાન પણ પોતાની ક્રમસર જે પર્યાય થવાની તેના કર્તા નથી, જાણનાર છે.

### * સ્વનું પણ કાંઈ પલટાવવું નથી *

ભાઈ ! તું જ્ઞાયક જ છો એમ નિર્ણય લાવ ! જ્ઞાયક જ છો પણ એ જ્ઞાયકનો નિર્ણય કરવાનો છે. પુરુષાર્થ કરું...કરું પણ એ પુરુષાર્થ તો દ્રવ્યમાં ભર્યો છે તો એ દ્રવ્ય ઉપર લક્ષ જાય ત્યાં પુરુષાર્થ પ્રગટે છે, પણ એને કરું..કરું...કરીને કાંઈક નવીન કાર્ય કરવું છે. પણ જ્યારે દ્રવ્ય ઉપર લક્ષ જાય છે ત્યારે બધું જેમ છે તેમ જાણે છે. પરનું તો કાંઈ પલટાવવું નથી અને સ્વનું પણ કાંઈ પલટાવવું નથી. સ્વનો નિર્ણય કરતાં દિશા જ પલટી જાય છે. ખરેખર તો પરોક્ષ જ્ઞાન છે તે પણ જાણનાર જ છે.

શ્રોતા :—પરોક્ષ જ્ઞાન તો હીણું ને ઊણું છે ને ?

પૂજ્ય ગુરુદેવ :—પરોક્ષ જ્ઞાન–મતિશ્રુત પણ જાણનાર જ છે. જે કાંઈ છે તેને જાણે જ છે. વિકલ્પને જાણે છે, હીણપને જાણે છે, ઊણપને જાણે છે.

શ્રોતા :—કોણ જાણે છે ? ઊણું જ્ઞાન ને ?

પૂજ્ય ગુરુદેવ :—જ્ઞાન ઊણું છે એમ પણ એ જ્ઞાન જાણે છે. જે છે તેને તે જ જ્ઞાન તેમ જાણે છે. 'જાણેલો પ્રયોજનવાન છે' એ સમયસારની ૧૨ મી ગાથાનો શબ્દ છે તે ગજબ વાત છે.

### * વિકલ્પ પણ ક્રમસર થાય છે *

વિકલ્પનો ભાગ પણ ક્રમસર થાય છે, પણ જ્યાં તેના કાળક્રમે નીકળે છે ત્યાં મેં કર્યો એમ એને ભ્રમ પડી જાય છે.

### * દરેક પર્યાય ક્રમબદ્ધ થાય--એ વાત સમજવામાં મહા પુરુષાર્થ છે *

આકુળતામય શુભાશુભ ભાવથી ભિન્ન તારો નિરાકુળ જ્ઞાયકસ્વભાવ છે. તેને અનુભવવાનો પ્રબળ પુરુષાર્થ કર. એક દ્રવ્ય બીજા દ્રવ્યને સ્પર્શે નહીં, પદાર્થની દરેક સમયની પર્યાય ક્રમબદ્ધ થાય—એ વાત સમજવામાં મહા પુરુષાર્થ છે. પ્રભુ ! ક્રમબદ્ધ થતી પર્યાયને પરની તો અપેક્ષા નથી પણ પોતાના દ્રવ્ય-ગુણની પણ અપેક્ષા નથી—એવા તત્ત્વને સમજમાં લે તો તારા ભવભ્રમણનો અંત આવશે. આ એક જ કરવા જેવું છે.

### * ક્રમબદ્ધની શ્રદ્ધામાં અકર્તાપણું આવે છે *

શ્રદ્ધા એવી હોય કે રાગને ઘટાડે, જ્ઞાન એવું હોય કે રાગને ઘટાડે, ચારિત્ર એવું હોય કે રાગને ઘટાડે. શાસ્ત્રનું તાત્પર્ય વીતરાગતા છે. ક્રમબદ્ધની શ્રદ્ધા પણ એને કહેવાય કે જે રાગને ઘટાડે. ક્રમબદ્ધની શ્રદ્ધામાં અકર્તાપણું આવે છે. જે થાય તેને

કરે શું? જે થાય તેને જાણે છે. જાણનાર રહેતાં, જ્ઞાતા રહેતાં, રાગ ટળતો જાય છે ને વીતરાગતા વધતી જાય છે. વીતરાગતા વધવી તે જ શાસ્ત્રનું તાત્પર્ય છે.

## ✻ એમ ભગવાનનો પોકાર છે ✻

સિદ્ધાંત તો એમ કહે છે કે છએ દ્રવ્યની પર્યાયનો જન્મક્ષણ હોય છે, જે સમયે પર્યાય થવાનો કાળ છે તે જ સમયે પર્યાય થાય છે. એ પર્યાય પરદ્રવ્યથી ન થાય, નિમિત્તથી ન થાય, પોતાના દ્રવ્યથી પણ ન થાય, પણ પર્યાયની યોગ્યતારૂપ જન્મક્ષણે સ્વકાળથી પર્યાય થાય છે એમ ભગવાનનો પોકાર છે ને અનંત દ્રવ્યોનો આવો જ સ્વભાવ છે.

## ✻ તારી જે સમયે જે પર્યાય થાય તેનો તું કર્તા કેમ થાય છે? ✻

જીવને જે સમયે જે પર્યાય થવાની હોય તે જ થાય અને જે પર્યાય થાય તેનો તે ઉત્પત્તિનો કાળ છે, તે જન્મક્ષણ છે, તે કાળલબ્ધિ છે. જે પર્યાય થાય તેને વ્યયની અપેક્ષા નથી, નિમિત્તની અપેક્ષા નથી ને દ્રવ્ય-ગુણની પણ અપેક્ષા નથી, પર્યાયના ષટ્કારકો વડે તે પર્યાય સ્વતંત્ર ઉત્પન્ન થાય છે. તેથી તારી જે સમયે જે પર્યાય થાય, બાપુ! તેનો તું કર્તા કેમ થાય છે? એક પછી એક ક્રમે અને નિશ્ચયથી જે પર્યાય થવાની હોય તે જ થાય, બીજે સમયે જે પર્યાય થવાની હોય તે થાય, એમ અનાદિ અનંત ક્રમસર નિશ્ચિતપણે પર્યાયો થાય છે.

## ✻ પર્યાયનું આવું સ્વતંત્ર સામર્થ્ય છે ✻

ભાઈ! તું શરીર-વાણી-મન ને રાગને ભૂલી જા, તે તારામાં નથી. અરે! તારી નિર્મળ પર્યાયને પ્રગટ થવામાં દ્રવ્ય-ગુણની અપેક્ષા નથી, પૂર્વની પર્યાયના વ્યયની અપેક્ષા નથી ત્યાં વ્યવહારથી થાય એ વાત ક્યાં રહી? પર્યાયનું આવું સ્વતંત્ર સામર્થ્ય છે. પર્યાય સ્વતંત્ર જ થાય છે એમ નક્કી કરતાં તેનું લક્ષ ક્યાં જાય?—કે દ્રવ્ય તરફ જ લક્ષ જાય અને તેનું નામ જ પુરુષાર્થ છે. દ્રવ્ય તરફ લક્ષ જતાં જ્ઞાનમાં દ્રવ્યનું જ્ઞાન આવે પણ દ્રવ્ય આવતું નથી. સત્‌નો જેને નિર્ણય થાય તેની દૃષ્ટિ દ્રવ્ય ઉપર જ જાય. આ જ કરવાનું છે, બાકી બધું તો ધૂળ-ધાણી છે.

## ✻ ક્રમબદ્ધ જાણનાર જ્ઞાનની જે પર્યાય થાય તે પણ ક્રમસર છે ✻

જગતની જે ચીજ જે કાળે જેમ પરિણમવાની છે તે તેમ જ પરિણમશે, તેનો તો જીવ કર્તા નથી પરંતુ જે પર્યાય થાય—નિર્મળ પર્યાય થાય તેનો પણ કર્તા નથી.

તે પર્યાય પણ ક્રમબદ્ધ થાય છે. ચૈતન્યને જાણતું જે જ્ઞાન પ્રગટ થાય છે તે પણ ક્રમબદ્ધ થાય છે, તેનો કર્તા પણ ધ્રુવતત્ત્વ નથી. પોતે જ્ઞાનસ્વરૂપ છે એવી દૃષ્ટિ થતાં તે કાળે બાહ્યમાં જગતના જે પરિણામ થાય છે તે ક્રમબદ્ધ થાય છે તેમ તે જાણે છે ને તે જાણવાની પર્યાય પણ ક્રમબદ્ધ થાય છે, તેનો પણ ત્રિકાળી જીવ કર્તા નથી. જગતના પરિણામ—ક્રિયા તો ક્રમબદ્ધ છે જ પણ સ્વરૂપની દૃષ્ટિ કરતાં જગતના પરિણામને ક્રમબદ્ધ જાણનાર જ્ઞાનની જે પર્યાય થાય તે પણ ક્રમસર છે તેમ સમ્યગ્જ્ઞાની જાણે છે.

## ❊ અંતરની આ વાત જેને ખ્યાલમાં ન આવે તેને ક્યાંક પરમાં કે પર્યાયમાં ફેરફાર કરવાનું મન થાય છે ❊

સ્વ કે પર કોઈ દ્રવ્યને, કોઈ ગુણને કે કોઈ પર્યાયને ફેરવવાની બુદ્ધિ જ્યાં ન રહી ત્યાં જ્ઞાન જ્ઞાનમાં જ ઠરી ગયું, એકલો વીતરાગી જ્ઞાતાભાવ જ રહી ગયો, તેને અલ્પકાળમાં મુક્તિ થાય જ. બસ ! જ્ઞાનમાં જ્ઞાતાદ્રષ્ટાપણું રહેવું તે જ સ્વરૂપ છે, તે જ બધાનો સાર છે. અંતરની આ વાત જેને ખ્યાલમાં ન આવે તેને ક્યાંક પરમાં કે પર્યાયમાં ફેરફાર કરવાનું મન થાય છે; જ્ઞાતાભાવને ચૂકીને ક્યાંય પણ ફેરફાર કરવાની બુદ્ધિ તે મિથ્યા બુદ્ધિ છે.

## ❊ શ્રદ્ધા-જ્ઞાનનું ભાતું સાથે લઈને જવું જોઈએ. ❊

એક ગામથી બીજે ગામ જાય તોય ભાતું સાથે લઈને જાય છે તો બીજા ભવમાં જવા માટે કાંઈ ભાતું હોય કે નહીં ? શ્રદ્ધા-જ્ઞાનનું ભાતું સાથે લઈને જવું જોઈએ. બાયડી સામે જોવે તો પાપ, છોકરા સામું જોવે તો પાપ, પૈસા સામું જોવે તો પાપ, પર સામું જોતાં બધે પાપ...પાપ...ને પાપ છે. અરે ! ક્યાં એને જવું છે ? રાગ અને હું એક છું એવું મિથ્યાત્વનું ભાતું લઈને જવું છે ? રાગથી ભિન્ન જ્ઞાનાનંદ સ્વરૂપ હું છું એવું ભાતું સાથે લઈ જાય તો આગળ વધવામાં એને કામ આવશે. અંદરમાં અસંખ્ય પ્રદેશમાં ઊંડે ઊંડે તળીયે ધ્રુવમાં પર્યાયને લઈ જવાની છે. આ તો ધીરાના-વીરાના કામ છે.

## હે જીવો! નિઃસંદેહપણે જાણો! :—

### ✻ રાગાદિ ચિદ્‌વિકાર ચેતન નથી ✻

રાગાદિ ચિદ્‌વિકારને (–ચૈતન્યવિકારોને) દેખી એવો ભ્રમ ન કરવો કે એ પણ ચૈતન્ય જ છે,...તેઓ ચેતન નથી, જડ છે.

*—શ્રી સમયસાર, કળશ–૪૪ ભાવાર્થ*

### ✻ રાગાદિભાવો જીવના લક્ષણ છે જ નહીં ✻

નિશ્ચયથી વર્ણાદિભાવો–વર્ણાદિભાવોમાં રાગાદિભાવો આવી ગયા—જીવમાં કદી વ્યાપ્તા નથી તેથી તેઓ નિશ્ચયથી જીવના લક્ષણ છે જ નહીં.

*—શ્રી સમયસાર, કળશ–૪૨ ભાવાર્થ*

### ✻ ચૈતન્યના વિકારો પણ જીવ નથી, પુદ્‌ગલ છે ✻

...પરનિમિત્તથી થતા ચૈતન્યના વિકારો, જોકે ચૈતન્ય જેવા દેખાય છે તોપણ, ચૈતન્યની સર્વ અવસ્થામાં વ્યાપક નહિ હોવાથી ચૈતન્યશૂન્ય છે–જડ છે. વળી, આગમમાં પણ તેમને અચેતન કહ્યા છે...પુદ્‌ગલપૂર્વક થતાં હોવાથી તેઓ (ચૈતન્યના વિકારો) નિશ્ચયથી પુદ્‌ગલ જ છે કેમ કે કારણ જેવું જ કાર્ય થાય છે.

આ રીતે એમ સિદ્ધ કર્યું કે પુદ્‌ગલકર્મના ઉદયના નિમિત્તથી થતા ચૈતન્યના વિકારો પણ જીવ નથી, પુદ્‌ગલ છે. *—શ્રી સમયસાર, ગાથા–૬૮ ભાવાર્થ*

### ✻ વર્ણાદિક ગુણસ્થાનપર્યંત ભાવો પુદ્‌ગલની રચના જાણો ✻

અહો જ્ઞાનીજનો! આ વર્ણાદિક ગુણસ્થાનપર્યંત ભાવો છે તે બધાય એક પુદ્‌ગલની રચના જાણો; માટે આ ભાવો પુદ્‌ગલ જ હો, આત્મા ન હો;...

*—શ્રી સમયસાર, કળશ–૩૯*

### ✻ ગુણસ્થાનપર્યંત ભાવો જીવના નથી ✻

આ વર્ણથી માંડીને ગુણસ્થાનપર્યંત ભાવો સિદ્ધાંતમાં જીવના કહ્યાં છે તે વ્યવહારનયથી કહ્યાં છે; નિશ્ચયથી તેઓ જીવના નથી કારણ કે જીવ તો પરમાર્થે ઉપયોગસ્વરૂપ છે. *—શ્રી સમયસાર, ગાથા–૬૦ ભાવાર્થ*

### * ગુણસ્થાનપર્યંત જે ભાવો છે તે નિશ્ચયથી જીવના નથી *

...માટે વર્ણથી માંડીને ગુણસ્થાનપર્યંત જે ભાવો છે તે વ્યવહારથી જીવના છે અને નિશ્ચયથી જીવના નથી એવું (ભગવાનનું સ્યાદ્‌વાદવાળું) કથન યોગ્ય છે.

*—શ્રી સમયસાર, ગાથા-૫૬*

### * રાગમોહાદિક ભાવો (આત્માથી) ભિન્ન છે *

જે વર્ણાદિક અથવા રાગમોહાદિક ભાવો કહ્યા તે બધાય આ પુરુષથી (આત્માથી) ભિન્ન છે.

*—શ્રી સમયસાર, કળશ-૩૭*

### * તે બધાય પુદ્‌ગલજન્ય છે *

આ ચિત્શક્તિથી શૂન્ય જે આ ભાવો (વર્ણાદિકથી માંડીને ગુણસ્થાનપર્યંત) છે તે બધાય પુદ્‌ગલજન્ય છે—પુદ્‌ગલના જ છે. *—શ્રી સમયસાર, કળશ-૩૬*

### * અશુદ્ધ પર્યાયો પુદ્‌ગલના ચિતરામણ જેવા છે એમ હે જીવો! નિઃસંદેહપણે જાણો *

નિશ્ચયથી, વિદ્યમાન ગુણસ્થાન, માર્ગણાસ્થાન, દ્રવ્યકર્મ, ભાવકર્મ, નોકર્મ ઈત્યાદિ જેટલા અશુદ્ધ પર્યાયો છે તે બધાય એકલા પુદ્‌ગલદ્રવ્યનું કાર્ય છે અર્થાત્ પુદ્‌ગલના ચિતરામણ જેવા છે એમ હે જીવો! નિઃસંદેહપણે જાણો.

*—શ્રી કળશટીકા, કળશ-૩૯*

### * વિભાવ પરિણામો જીવસ્વરૂપથી 'ભિન્ન' છે *

અહીં કોઈ પ્રશ્ન કરે છે કે વિભાવ પરિણામોને જીવસ્વરૂપથી 'ભિન્ન' કહ્યાં, ત્યાં 'ભિન્ન'નો ભાવાર્થ તો હું સમજ્યો નહિ. 'ભિન્ન' કહેતાં, 'ભિન્ન' છે તે વસ્તુસ્વરૂપ છે કે 'ભિન્ન' છે તે અવસ્તુરૂપ છે? ઉત્તર આમ છે કે અવસ્તુરૂપ છે. તે કારણે જ શુદ્ધસ્વરૂપનો અનુભવશીલ છે જે જીવ તેને વિભાવ પરિણામ દૃષ્ટિગોચર નથી થતાં, ઉત્કૃષ્ટ છે એવું શુદ્ધ ચૈતન્યદ્રવ્ય દૃષ્ટિગોચર થાય છે.

*—શ્રી રાજમલ્લજી, કળશટીકા કળશ-૩૭*

### * કર્મ દ્વારા ઉપજાવવામાં આવતાં જીવના કષાયાદિક પરિણામ *

જીવના કષાયાદિક જેટલા પરિણામ છે તે બધાં ચેતનાને નિમિત્તભૂત કરીને

કર્મ દ્વારા ઉપજાવવામાં આવે છે, જેમ કુંભારનું નિમિત્ત પામીને માટીના પિંડ દ્વારા ઘટાદિક ઉપજાવવામાં આવે છે.

*—શ્રી અમિતગતિ આચાર્ય, યોગસાર પ્રાભૃત, ચૂલિકા અધિકાર, શ્લોક-૩૯*

## * તે બધાં ચેતના રહિત અચેતન છે *

જે ગુણ કર્મોના ઉદયથી ઉત્પન્ન થયેલાં ઔદયિક છે, કર્મોના ઉપશમજન્ય ઔપશમિક છે તથા કર્મોના ક્ષયોપશમથી ઉત્પન્ન થયેલાં ક્ષાયોપશમિક છે અને જે વિવિધ શાસ્ત્રસમૂહ દ્વારા વર્ણીત થયેલાં છે—અનેક શાસ્ત્રોમાં જેમનું વર્ણન છે—તે બધાં ચેતના રહિત અચેતન છે.

*—શ્રી અમિતગતિ આચાર્ય, યોગસાર પ્રાભૃત, અધિકાર-૨, શ્લોક-૪૯*

## * શરીર અને આત્મા બન્નેને એક માનનાર મોહી જીવો દ્વારા રાગાદિને જીવ કહેવામાં આવે છે *

શરીર અને આત્મા બન્નેને એક માનનાર મોહી જીવો દ્વારા આ ગુણસ્થાનને જીવ કહેવામાં આવે છે, પરંતુ ભેદજ્ઞાનમાં નિપુણ વિવેકીજનો દ્વારા નહીં—વિવેકી જીવ તેમને પુદ્‌ગલરૂપ અજીવ બતાવે છે.

*—શ્રી અમિતગતિ આચાર્ય, શ્રી યોગસાર પ્રાભૃત, અધિકાર-૨, ગાથા-૩૮*

## * અજ્ઞાનીને આત્મા કર્મકૃત રાગાદિથી સંયુક્ત જેવો પ્રતિભાસે છે તે પ્રતિભાસ જ સંસારના બીજરૂપ છે *

આ આત્મા કર્મકૃત રાગાદિ અથવા શરીરાદિથી સંયુક્ત ન હોવા છતાં પણ અજ્ઞાની જીવોને સંયુક્ત જેવો પ્રતિભાસે છે અને તે પ્રતિભાસ જ નિશ્ચયથી સંસારના બીજરૂપ છે.

*—શ્રી અમૃતચંદ્રાચાર્ય, પુરુષાર્થસિદ્ધિ ઉપાય, ગાથા-૧૪*

# ✻ પુરુષાર્થ ✻

સ્વામિ કાર્તિકેયાનુપ્રેક્ષા ગાથા: ૩૨૧-૩૨૨-૩૨૩ ઉપર પૂજ્ય સદ્ગુરુદેવશ્રી કાનજીસ્વામીનું પ્રવચન. માગશર સુદ ૧૨, રવિવાર વીર સં. ૨૪૭૨

[ડિસેમ્બર-૨૦૦૩ અંક નં. ૭૨૨થી ચાલુ]

જે જીવને જે નિમિત્ત દ્વારા જે આહાર-પાણી મળવાના હોય તે જીવને તે જ નિમિત્ત દ્વારા અને તે જ રજકણો મળવાના. તેમાં એક સમયમાત્ર કે એક પરમાણુમાત્રનો ફેરફાર કરવા કોઈ સમર્થ નથી. જીવન, મરણ, સુખ, દુઃખ, દારિદ્રતા વગેરે જેમ થવાનું છે તેમ જ થવાનું છે. તેમાં લાખ પ્રકારે ચોક્કસાઈ રાખે તો પણ કિંચિત્ ફેરફાર થાય નહિ. ઈન્દ્ર, નરેન્દ્ર કે જિનેન્દ્ર કોઈ પણ તેને ફેરવવા સમર્થ નથી. આમાં નિયતવાદ નથી આવતો પણ એકલો જ્ઞાયકપણાનો પુરુષાર્થવાદ જ આવે છે.

સર્વજ્ઞ ભગવાને જેમ જોયું હોય તેમ જ થાય, તેમાં જરાય ફેરફાર ન જ થાય. આવી દૃઢ પ્રતીતિનું નામ નિયતવાદ નથી, પણ આ તો સમ્યગ્દૃષ્ટિ ધર્માત્માનો પુરુષાર્થવાદ છે. સમ્યગ્દર્શન સિવાય આ વાત નહિ બેસે! પરમાં જોવાનું નથી પણ સ્વમાં જોવાનું છે. **જેની દૃષ્ટિ એકલા પર પદાર્થ ઉપર જ છે તેને ભ્રમથી એમ લાગશે કે આ તો નિયતવાદ છે. પણ જો સ્વ વસ્તુ તરફથી જુએ તો આમાં તો એકલો સ્વાધીન તત્ત્વદૃષ્ટિનો પુરુષાર્થ ભરેલો છે.** વસ્તુનું પરિણમન સર્વજ્ઞના જ્ઞાન પ્રમાણે ક્રમબદ્ધ થાય છે એમ નક્કી કર્યું ત્યાં બધા પર દ્રવ્યોથી જીવ ઉદાસ થઈ ગયો અને તેથી સ્વદ્રવ્યમાં જ તેને જોવાનું રહ્યું, અને તેમાં જ સમ્યક્ પુરુષાર્થ આવી ગયો. આ પુરુષાર્થમાં મોક્ષના પાંચે સમવાય સમાઈ જાય છે. આ ક્રમબદ્ધપર્યાયની શ્રદ્ધાના ભાવ સર્વજ્ઞ ભગવાનના જ્ઞાનને અવલંબનારા છે. આ ભાવ ત્રણ કાળ, ત્રણ લોકમાં ફરવાના નથી. જો સર્વજ્ઞનું કેવળજ્ઞાન ખોટું પડે તો આ ભાવ ફરે! (પરંતુ તે અશક્ય છે.) જગત જગતને ઠેકાણે રહ્યું, જગતના જીવોને આ વાત ન બેસે તેથી શું? સર્વજ્ઞદેવે જોયેલું વસ્તુસ્વરૂપ કદી ફરવાનું નથી. સર્વજ્ઞદેવે જોયું હોય તેમ જ થાય. —આ વાતમાં શંકા કરે તે મિથ્યાદૃષ્ટિ છે. નિમિત્ત અને સંયોગમાં હું ફેરફાર કરી શકું છું એમ જે માને છે તે સર્વજ્ઞના જ્ઞાનમાં શંકા કરે છે અને તેથી તે પ્રગટપણે મિથ્યાદૃષ્ટિ, અજ્ઞાની, મૂઢ છે.

અહો! આ એક સત્ય સમજતાં જગતના સર્વ દ્રવ્યો પ્રત્યે કેટલો ઉદાસભાવ

થઈ જાય ! ઓછું ખાવાનો ભાવ કરે કે વધારે ખાવાનો ભાવ કરે, જેટલા અને જે પરમાણુઓ આવવાના છે તેટલા જ અને તે જ પરમાણુઓ આવશે, તેમાં એક પણ પરમાણુને ફેરવવા જીવ સમર્થ નથી. બસ ! આમ જાણીને તો શરીરનું અને પરનું કર્તૃત્વ છૂટીને જ્ઞાનસ્વભાવની પ્રતીતિ થવી જોઈએ. આ માનવામાં અનંતુ વીર્ય સ્વ તરફ કાર્ય કરે છે. પરનું કર્તૃત્વ અંતરથી માનતો હોય, પરમાં સુખબુદ્ધિ હોય અને કહે કે જે થવાનું હશે તે થશે, તો એ શુષ્કતા છે. એવી આ વાત નથી; જીવ જ્યારે અનંત પરદ્રવ્યોથી છૂટો પડીને એકલા સ્વભાવમાં સંતોષ માને છે ત્યારે આ વાત યથાર્થપણે બેસે છે. આની કબૂલાતમાં તો બધાય પર પદાર્થોથી ખસીને જ્ઞાન જ્ઞાનમાં જ રોકાય છે અને એટલે એકલો વીતરાગભાવનો પુરુષાર્થ પ્રગટે છે. નરેન્દ્ર, દેવેન્દ્ર કે જિનેન્દ્ર ત્રણ કાળ, ત્રણ લોકમાં એક પરમાણુને પણ ફેરવવા સમર્થ નથી. આવી પ્રતીતિ જેને છે તે જ્ઞાન તરફ વળ્યો છે, અને તેને સમ્યગ્દર્શન છે. પછી તે ક્રમે ક્રમે જ્ઞાનની દૃઢતાના જોરે રાગ તોડીને અલ્પ કાળમાં કેવળજ્ઞાનની પ્રાપ્તિ કરવાનો છે. કેમ કે બધું જ ક્રમબદ્ધ થાય છે એમ નક્કી કર્યું હોવાથી હવે તે જ્ઞાતાભાવે જાણે જ છે. જ્ઞાનની અને એકાગ્રતાની કચાશના કારણે વર્તમાન થોડું અધૂરું જાણે છે અને અલ્પ રાગ-દ્વેષ પણ થાય છે; પરંતુ હું તો જ્ઞાનસ્વરૂપ જ છું એવી શ્રદ્ધાના જોરે પુરુષાર્થની પૂર્ણતા કરી કેવળજ્ઞાન પામવાનો છે. તેથી, હું તો જ્ઞાતાસ્વરૂપ જ છું, પર પદાર્થોની ક્રિયા સ્વતંત્ર થાય છે તેનો હું કર્તા નથી પણ જાણનાર જ છું. આવી યથાર્થ શ્રદ્ધા થવી તે જ કેવળજ્ઞાન પ્રગટાવવાનો એક અપૂર્વ અને અફર (જરા પણ ઊણપ ન રાખે અને પાછો ન ફરે તેવો) ઉપાય છે.

જેમ વસ્તુમાં થાય છે તેમ કેવળીએ જાણ્યું છે અને જેમ કેવળીએ જાણ્યું છે તેમ વસ્તુમાં થાય છે. આ રીતે જ્ઞેય અને જ્ઞાયકને અરસપરસ મેળ છે. આવો જ્ઞેય–જ્ઞાયકનો મેળ ન માને અને કર્તા–કર્મનો જરા પણ મેળ માને તો તે જીવ મિથ્યાદૃષ્ટિ છે. કેવળજ્ઞાની સંપૂર્ણ જ્ઞાયક છે, તેમને કોઈ પદાર્થ પ્રત્યે કર્તૃત્વ કે રાગ-દ્વેષભાવ નથી. સમ્યગ્દૃષ્ટિને પણ એવી શ્રદ્ધા હોય છે કે કેવળજ્ઞાનીની જેમ હું પણ જાણનાર જ છું. કોઈ વસ્તુનું હું કાંઈ કરી શકતો નથી તેમ જ કોઈ વસ્તુના કારણે મારામાં ફેરફાર થતો નથી. અસ્થિરતાથી રાગ થઈ જાય છે, પણ તે મારું સ્વરૂપ નથી. આ રીતે શ્રદ્ધા અપેક્ષાએ તો સમ્યગ્દૃષ્ટિ પણ જ્ઞાયક જ છે. નિયમ મુજબ વસ્તુની ક્રમબદ્ધ દશા થાય છે એમ જેણે માન્યું તેણે વસ્તુસ્વરૂપ જાણ્યું.

(અનુસંધાન માટે જુઓ પાનું-૨૨)

[તા. ૧૦-૪-૨૦૦૪]

# સુવર્ણપુરી સમાચાર

—તંત્રી

અધ્યાત્મતીર્થક્ષેત્ર શ્રી સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ, અનંત-ઉપકારમૂર્તિ પરમ પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામી તેમ જ તેમના પરમ ભક્ત પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનના કલ્યાણવર્ષી પુણ્ય-પ્રતાપે, આદરણીય પં. શ્રી હિંમતલાલભાઈ જે. શાહની જ્ઞાન-વૈરાગ્ય-ભક્તિભીની શુભાશિષથી અધ્યાત્મજ્ઞાનના પાવન ગુંજારવથી સદાય પ્રફુલ્લિત રહે છે, તેમ જ ધાર્મિક કાર્યક્રમ પ્રતિદિન નિયમિત ચાલી રહ્યો છે.

**સમ્યક્ત્વ જયંતી-મહોત્સવ :—** નિર્મલ સમ્યક્ત્વથી વિભૂષિત ધન્યાવતાર પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનો ૭૨મો સમ્યક્ત્વજયંતી-મહોત્સવ તા. ૧૨-૩-૨૦૦૪, શુક્રવાર થી. તા. ૧૬-૩-૨૦૦૪, મંગળવાર (ફાગણ વદ ૧૦)—પાંચ દિવસ સુધી સુરેન્દ્રનગર નિવાસી શ્રી કાન્તાબેન હિમ્મતલાલ ડેલીવાળા-પરિવાર (હા. શ્રીમતી વર્ષાબેન નિરંજનભાઈ ડેલીવાળા) તરફથી અતિ-આનંદોલ્લાસપૂર્વક ઊજવવામાં આવ્યો. મહોત્સવ-આયોજક પરિવાર દ્વારા પ્રસ્તુત કરવામાં આવેલ 'બહેનશ્રીનો પૂર્વભવ' તથા 'બહેનશ્રીની આત્મસાધના' આ બંને સાંસ્કૃતિક કાર્યક્રમ અતિપ્રશંસનીય રહ્યા. આ પંચાહ્નિક અવસર પર રાજકોટ, બૃહદ્-મુંબઈ, ભાવનગર, સુરેન્દ્રનગર, જામનગર, અમદાવાદ, નાઈરોબી, લંડન વગેરે વિભિન્ન ગામોથી લગભગ ૬૦૦ થી વધુ મુમુક્ષુઓ પધાર્યા હતા.

★ તા. ૨૨-૪-૨૦૦૪, ગુરુવાર (વૈશાખ સુદ-૩) ના દિવસે શ્રી ઋષભદેવ-આહારદાનપર્વ છે અને તા. ૩૦-૪-૨૦૦૪, શુક્રવાર, વૈશાખ સુદ ૧૦ ના રોજ શ્રી મહાવીર-કેવલજ્ઞાનકલ્યાણકનું વાર્ષિક પર્વ છે. આ બંને પર્વ પૂજાભક્તિના વિશેષ આયોજનપૂર્વક ઊજવવામાં આવશે.

## ✽ પૂજ્ય બહેનશ્રીની પંચાહ્નિક ઉપકારસ્મૃતિ ✽

ઉપકારમૂર્તિ સ્વાનુભવવિભૂષિત ભગવતી પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની ચૌદમી સાંવત્સરિક ઉપકાર-સ્મૃતિતિથિ (સમાધિતિથિ), તા. ૩-૫-૨૦૦૪, સોમવાર થી તા. ૭-૫-૨૦૦૪, શુક્રવાર (વૈશાખ વદ ૩) સુધી–પાંચ દિવસ, સુવર્ણપુરીમાં તેઓના જ્ઞાન, વૈરાગ્ય, સ્વરૂપસાધના, વજ્રોપમ સમ્યક્ પુરુષાર્થ તથા સ્વાનુભૂતિમાર્ગ–પ્રકાશનરૂપ અનેક અપાર ઉપકારોના ભાવભીના સ્મરણપૂર્વક વિરહવેદનના ઉદાસીભર્યા વાતવરણમાં સાદગીથી ઉજવવામાં આવશે. સમાગત મહેમાનો માટે ભોજન-આવાસ-વ્યવસ્થા નિઃશુલ્ક રાખેલ છે.

વૈશાખ વદ-૬, રવિવાર, તા. ૯-૫-૨૦૦૪ના દિવસે સોનગઢના સમવસરણમંદિરનું ૬૩મુ વાર્ષિક પ્રતિષ્ઠાપર્વ છે. વૈશાખ વદ-૮, મંગળવાર, તા. ૧૧-૫-૨૦૦૪ના રોજ સોનગઢના સ્વાધ્યાયમંદિરના ઉદઘાટનનો તથા તેમાં પરમાગમ શ્રી સમયસારની સ્થાપનાનો ૬૭મો વાર્ષિક ઉત્સવ છે આ બંને અવસર પૂજા-ભક્તિના વિશેષ આયોજનપૂર્વક ઊજવવામાં આવશે.

**શ્રુતપંચમી-પર્વ :—** જેઠ સુદ ૫, તા. ૨૪-૫-૨૦૦૪, સોમવારે શ્રુતપંચમી-પર્વ શ્રી ષટ્ખંડાગમ આદિ જિનવાણીની પૂજાભક્તિના વિશેષ સમારોહપૂર્વક ઊજવવામાં આવશે.

## ✻ સંસ્થા તરફથી રિક્ષાની વ્યવસ્થા ✻

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ દ્વારા સોનગઢમાં વસતા તથા મહેમાન મુમુક્ષુ ભાઈ-બહેનો કે જેઓ વયોવૃદ્ધ તથા અશક્ત હોય, તેઓ પૂજ્ય ગુરુદેવશ્રીની વાણીનો લાભ લઈ શકે એ હેતુએ, તેઓ માટે મોટી રીક્ષા (મીનીડોર)ની વ્યવસ્થા કરેલ છે. આ રીક્ષા ચોક્કસ સમયે, પૂજ્ય ગુરુદેવશ્રીના સવાર તથા સાંજના ટેપ-પ્રવચનમાં અને બપોરે શાસ્ત્રવાંચનમાં ઉક્ત મુમુક્ષુઓને સ્વાધ્યાયમંદિરે આવવા તથા પ્રવચન પછી તેઓના નિવાસસ્થાને પહોંચાડવાની સેવા આપશે.

## ✻ બોટાદમાં મંગલ શીલાન્યાસવિધિ તથા આધ્યાત્મિક શિબિર ✻

પરમતારણહાર પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામી તથા સ્વાનુભવવિભૂષિત પ્રશમમૂર્તિ પૂજ્ય ભગવતીમાતા પ્રરૂપિત સ્વાનુભવપ્રધાન તત્ત્વજ્ઞાનની એક અધ્યાત્મ શિબિરનું આયોજન તા. ૭-૩-૨૦૦૪ને રવિવારના રોજ બોટાદ મુકામે કરવામાં આવ્યું હતું. આ શિબિરમાં શ્રી રાજુભાઈ કામદાર તથા શ્રી સુભાષભાઈ શેઠ દ્વારા જુદા જુદા વિષયો સમજાવ્યા હતા.

આ દિવસે શ્રી કુંદકુંદકહાન દિગંબર જૈન સ્વાધ્યામંદિર-હોલની મંગલ શીલાન્યાસ વિધિ શ્રી રસિકભાઈ અમરચંદભાઈ ડગલી પરિવારના વરદ્હસ્તે સંપન્ન થઈ હતી. આ પ્રસંગે સોનગઢ ટ્રસ્ટના ટ્રસ્ટી-મંત્રીશ્રી ચીમનભાઈ મોદી, બ્ર. વજુભાઈ તથા સોનગઢ, રાજકોટ, સુરેન્દ્રનગર, લીંબડી વગેરે સ્થળેથી પધારેલ મુમુક્ષુઓ તથા સ્થાનિક મુમુક્ષુભાઈ-બહેનોની ઉત્સાહપૂર્વકની હાજરીથી પ્રસંગ ઘણોજ દીપી ઉઠ્યો. બોટાદના સ્થાનિક મુમુક્ષુઓએ પ્રસંગની સફળતા માટે ઘણો પરિશ્રમ લીધો હતો.

સ્વ. ચંદુલાલ શાંતિલાલ શાહના સ્મરણાર્થે હસ્તે નીરૂબેન વીનુભાઈ ભક્ત, ઈલાબેન હસમુખભાઈ ભક્ત તથા દીપીકાબેન ઓમકારભાઈ તરફથી રૂા. ૧૧૧૧૧ આ અંકના પ્રકાશન ખાતે મળેલ છે.

(પુરુષાર્થ.....પાનું-૨૦ થી ચાલુ)

ભાઈ ! આ નિયતવાદ નથી, પરંતુ પોતાના જ્ઞાનમાં સમસ્ત પદાર્થોના નિયતનો (ક્રમબદ્ધ અવસ્થાઓનો) નિર્ણય કરનાર પુરુષાર્થવાદ છે. બધા પદાર્થોની ક્રમબદ્ધ અવસ્થા થાય છે તો હું તેનું શું કરું ? હું કોઈની અવસ્થાના ક્રમને ફેરવવા સમર્થ નથી તથા મારી અવસ્થા પણ મારા દ્રવ્યસ્વભાવમાંથી ક્રમબદ્ધ પ્રગટે છે. તેથી હું મારા દ્રવ્યસ્વભાવમાં એકાગ્ર રહીને બધાનો જાણનાર જ રહું છું. આવી સ્વભાવદૃષ્ટિ [—દ્રવ્યદૃષ્ટિ]માં અનંત પુરુષાર્થ આવે છે. *(ક્રમશઃ)*

✻ ✻ ✻

અધ્યાત્મસાધનાતીર્થ શ્રી સુવર્ણપુરીમાં

જામનગરનિવાસી શ્રી છગનલાલ કાળિદાસ વાઘર-પરિવાર

દ્વારા આયોજિત પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીનો ૧૧૫મો

# મંગલ જન્મજયંતી-મહોત્સવ

અત્યંત હર્ષોલ્લાસ સહ નિવેદન કે આપણા પરમ-તારણહાર પરમોપકારી પૂજ્ય સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામીનો આગામી ૧૧૫મો વાર્ષિક મંગલ જન્મોત્સવ અધ્યાત્મ-સાધના તીર્થ શ્રી સોનગઢમાં જામનગરનિવાસી શ્રી છગનલાલ કાળિદાસ વાઘર-પરિવાર તરફથી અતિ આનંદોલ્લાસપૂર્વક ઊજવવામાં આવશે.

તદનુસાર પૂજ્ય ગુરુદેવશ્રીની આગામી ૧૧૫મી જન્મજયંતી (વૈશાખ સુદ બીજ)નો મંગલ મહોત્સવ સુવર્ણપુરીમાં તા. ૧૭-૪-૦૪, શનિવાર થી તા. ૨૧-૪-૦૪, બુધવાર-પાંચ દિવસ સુધી 'શ્રી તીર્થમંડલવિધાનપૂજા', પૂજ્ય ગુરુદેવશ્રીનાં આધ્યાત્મિક ઓડિયો-ટેપપ્રવચન, પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની વિડિયો ધર્મચર્ચા, સમાગત ગુરુભક્ત વિદ્વાનોનાં શાસ્ત્રપ્રવચન, તા. ૧૭-૧૮-૧૯ ત્રણ દિવસ માટે ધાર્મિક શિક્ષણશિબિર, ઘાટકોપર, વઢવાણ તથા મલાડની દિ. જૈન ભજનમંડળી દ્વારા દેવ-ગુરુ-ભક્તિ ઈત્યાદિ અનેકવિધ રોચક કાર્યક્રમ સહ ઊજવવામાં આવશે.

પૂજ્ય ગુરુદેવ તથા પૂજ્ય ભગવતી માતાની પવિત્ર સાધનાસ્થળી શ્રી સુવર્ણપુરીમાં આપણા ઊંડા આદર્શ આત્માર્થી પંડિતરત્ન શ્રી હિમ્મતલાલ જે. શાહની શુભાશિષથી ઊજવવામાં આવનાર ગુરુભક્તિના આ અનુપમ અવસરથી લાભાન્વિત થવા માટે ગુરુભક્ત સર્વે મુમુક્ષુઓને સોનગઢ પધારવા માટે અમારું હાર્દિક નિમંત્રણ છે. આવાસ તથા ભોજનવ્યવસ્થા નિઃશુલ્ક રાખેલ છે.

નિમંત્રણપત્રિકા સર્વે મુમુક્ષુમંડળોને પ્રેષિત કરવામાં આવી છે.

નિમંત્રક—

શ્રી છગનલાલ કાળિદાસ વાઘર-પરિવાર

જામનગર

આનંદ સમાચાર !

ખુશ ખબર

# જિનેન્દ્રભક્તિનો અનન્ય અવસર !

## પ્રશમમૂર્તિ ભગવતી માતાના સમ્યક્ત્વ-સાધનાધામ વાંકાનેરમાં
## શ્રી સીમંધરસ્વામી-સમવસરણમંદિરની પ્રતિષ્ઠાના ઉપલક્ષમાં

# શ્રી દિગંબર જિનબિંબ-પંચકલ્યાણક-પ્રતિષ્ઠામહોત્સવ

આનંદોલ્લાસ સહ વિજ્ઞાપન છે કે પરમોપકારી પૂજ્ય સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના પુણ્ય પ્રભાવનાયોગમાં સ્વાનુભવવિભૂષિત ઉપકારમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના સમ્યક્ત્વ-સાધનાધામ વાંકાનેર (સૌરાષ્ટ્ર)માં નવનિર્મિત ભવ્ય 'શ્રી સીમંધરસ્વામી-સમવસરણ'ની વર્ધમાનજિન-પંચકલ્યાણકપૂર્વક પાવન પ્રતિષ્ઠા આગામી વૈશાખ સુદ સાતમ, તા. ૨૭-૪-૨૦૦૪, મંગળવારના દિવસે ઘણા આનંદોત્સવ સહ સંપન્ન કરવાનું શ્રી મહાવીર-કુંદકુંદ-કહાન-શુદ્ધ-અધ્યાત્મામ્નાયાનુયાયી વાંકાનેર દિગંબર જૈનસંઘે નિશ્ચિત કર્યું છે.

**પ્રતિષ્ઠા મહોત્સવ : વૈશાખ સુદ ૩, ગુરુવાર, તા. ૨૨-૪-૨૦૦૪**

થી

**વૈશાખ સુદ ૭, મંગળવાર, તા. ૨૭-૪-૨૦૦૪**

બાહ્યમાં શ્રી જિનેન્દ્રદેવની તથા અંતરમાં નિજ શુદ્ધ જ્ઞાયકદેવની અનુપમ મહિમા જગવિદિત કરનાર આપણા તારણહાર પરમ પૂજ્ય સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના તથા પોતાની સમ્યક્ જાતિસ્મરણઋદ્ધિથી સમવસરણયુક્ત શ્રી સીમંધરનાથનું ભારતવર્ષમાં પદાર્પણ કરાવનાર પ્રશમપરિણત પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના વિશુદ્ધ ધર્મપ્રતાપથી તથા ઊંડા આદર્શ આત્માર્થી પંડિતરત્ન શ્રી હિમ્મતલાલ જેઠાલાલ શાહની મંગલવર્ધિની શુભાશિષથી સુસંપન્ન થવાવાળા આ મંગલ મહોત્સવમાં પધારવા માટે અમારા દિગંબર જૈનસંઘ તરફથી સર્વે મુમુક્ષુસમાજને સાદર નિમંત્રણ છે.

(પ્રતિષ્ઠા-મહોત્સવની મહત્વપૂર્ણ બોલી-ઈન્દ્રો, રાજાઓ વગેરેની બોલી-સોનગઢમાં ગુરુજન્મજયંતી મહોત્સવ દરમ્યાન બોલવામાં આવશે)

નિમંત્રક—

શ્રી વાંકાનેર દિગંબર જૈન સંઘ,

અધ્યક્ષ-ધીરજલાલ દલપતભાઈ સપાણી

## * પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્‌ગાર *

❀ શ્રોતા :—દ્રવ્યસ્વભાવમાં વિકાર છે જ નહિ ને કારણપરમાત્માને પાપરૂપ બહાદુર શત્રુસેનાને લૂંટનારો કેમ કહ્યો ?

પૂજ્ય ગુરુદેવ :—એ તો પર્યાયથી વાત કરી છે. પર્યાયમાં રાગાદિ ભાવો છે તે સ્વભાવસન્મુખ ઢળતા ઉત્પન્ન જ થતા નથી, તેને નાશ કર્યો એમ કથનમાત્ર કહેવાય છે. દ્રવ્યસ્વભાવમાં તો રાગાદિ ભાવો કે સમ્યગ્દર્શન-ચારિત્ર, કેવળજ્ઞાન કે સિદ્ધપર્યાય એ કોઈ પર્યાય દ્રવ્યસ્વભાવમાં છે જ નહિ. સંસાર-મોક્ષ એ બધી પર્યાયોની રમતું છે. દ્રવ્યસ્વભાવમાં એ પર્યાયો છે જ નહિ. ત્રિકાળી દ્રવ્યસ્વભાવ એકરૂપ છે, એને નથી કાંઈ ગ્રહવું કે નથી કાંઈ છોડવું. જ્ઞાયકભાવ તો શાશ્વત છે જ. ત્રણ કષાયનો અભાવ કરી અતીન્દ્રિય આનંદનો સ્વાદ લેનારા દિગમ્બર સંતોએ અંતરની વાત અજબ-ગજબની કરી છે. આવી વાત દિગમ્બર સંતો સિવાય ભરતક્ષેત્રમાં બીજે ક્યાંય નથી. એ દિગમ્બર સંતો કહે છે કે બધા જીવો સુખી થાવ, કોઈ જીવ દુઃખી ન થાવ, બધાય જીવો મુક્ત દશાને પામો ! દરેક આત્માઓ મુક્તસ્વભાવી જ છે. જેમ ચોખા અને કળથીને ઉત્પન્ન થવાની જમીન જુદી હોય છે તેમ ચોખા એટલે મુક્તિ તે ઉત્પન્ન થવાનું ચોક્ખું સ્થાન એટલે મુક્તસ્વરૂપ તેના આશ્રયથી મુક્તિ ઉત્પન્ન થાય છે. ૩૦૪.

❀ દ્રવ્યલિંગ તો સર્વથા જીવનું સ્વરૂપ નથી અને ભાવલિંગ જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની શુદ્ધ નિર્મળ પર્યાય, જે પૂર્ણ સ્વરૂપ એવા મોક્ષનું સાધક છે તે પણ ઉપચારથી જીવનું સ્વરૂપ કહેવાય છે, પરમાર્થ સૂક્ષ્મ શુદ્ધ નિશ્ચય-નયથી તે પણ જીવનું સ્વરૂપ નથી. આહાહા ! સાધક પર્યાયને દ્રવ્યની છે તેમ ઉપચારથી કહેવામાં આવે છે. દેહાદિ કે રાગાદિ તો જીવના નથી જ પણ અહીં તો ભાવલિંગની નિર્મળ પર્યાય જે મોક્ષની સાધક છે તે પણ જીવની છે તેમ ઉપચારથી કહેવામાં આવે છે. પર્યાયનું લક્ષ છોડાવવા, ભેદજ્ઞાનની પરાકાષ્ટાની આ ગાથા (પરમાત્મપ્રકાશ–૮૮) છે. ધ્રુવસ્વભાવની સન્મુખ જે ધ્યાનની અકષાય સાધક પર્યાય પ્રગટ થાય છે તે પણ ઉપચારથી જીવનું સ્વરૂપ છે, પરમાર્થથી તો ત્રિકાળી ધ્રુવસ્વભાવ જ જીવનું સ્વરૂપ છે. આવી વાત તો ભાગ્યશાળી હોય તેને કાને પડે છે. ૩૦૫.

*

વસ્તુ અને વસ્તુના ગુણો અનાદિ-અનંત છે તથા અનાદિ-અનંત કાળના જેટલા સમયો છે તેટલા તે તે સમયના પર્યાયો વસ્તુમાંથી ક્રમબદ્ધ પ્રગટ છે. જે સમયનો જે પર્યાય છે તે સમયે તે જ પર્યાય પ્રગટ થાય છે. તે આડો-અવળો ન થાય તેમ જ પહેલાં-પછી પણ ન થાય. પર્યાયનાં ક્રમમાં ફેરફાર કરવા કોઈ સમર્થ નથી. આ ક્રમબદ્ધપર્યાયના સિદ્ધાંતમાં તો કેવળજ્ઞાન ખડું થઈ જાય છે.

*—પુરુષાર્થ પ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી*

કહાન સં. ૨૪ સં. ૨૦૬૦ [૭૨૬] * **આત્મધર્મ** * [અંક-૧૦ વર્ષ-૬૦] વીર સં. ૨૫૩૦ એપ્રિલ-૨૦૦૪

If undelivered please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
SONGADH-364 250 (INDIA)

Licence No. 21 `Licensed to Post Without Prepayment'

પ્રકાશક : શ્રી ચીમનલાલ ઠાકરશી મોદી, મંત્રી-ટ્રસ્ટી
શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ
સોનગઢ—૩૬૪ ૨૫૦

મુદ્રક : કહાન મુદ્રણાલય, સોનગઢ

તંત્રી : હીરાલાલ ભીખાલાલ શાહ

માલિક : શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ
સોનગઢ—૩૬૪ ૨૫૦

સ્થળ : જૈન વિદ્યાર્થી ગૃહ કમ્પાઉન્ડ,
સોનગઢ—૩૬૪૨૫૦

સંપાદક : નાગરદાસ બેચરદાસ મોદી

આજીવન સભ્ય ફી : ૧૦૧/—
વિદેશ માટે (સી-મેઈલથી) રૂા. ૪૫૦/—
વાર્ષિક લવાજમ : રૂા. ૯/—
વિદેશ માટે (સી-મેઈલથી) રૂા. ૪૫/—
[વિદેશ માટે એર-મેઈલથી મંગાવવા માટે પોસ્ટેજના વાર્ષિક રૂા. ૨૦૪/— અલગ]

Email : C/o vshahco@yahoo.com
Fax : (02846) 44334